ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date : 3rd December, 2016

પ્રતિ,

તંત્રી શ્રી,

......................................................................, ભાવનગર.

ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી દ્વારા પુરસ્કૃત અને લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા આયોજિત

### ઊર્જા અને ઊર્જા સ્રોતો વિષય પર શહેરમાં થનારી ચિત્ર સ્પર્ધા અને ઊર્જા સંરક્ષણ રેલી

ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા સંવર્ધિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ભાવનગર જીલ્લાભરમાં વિજ્ઞાનને ઘર ઘર સુધી પહોંચાડવાના ઉમદા હેતુ સાથે છેલ્લા ૧૪ વર્ષથી પ્રયત્નશીલ રહ્યુ છે.

આવાજ એક ઉમદા અને મહત્વપૂર્ણ સંદેશાને લોક ભોગ્ય બનવા ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી, ગાંધીનગરના સહયોગથી ઊર્જા બચત અને ઊર્જાના સંવર્ધન હેતુથી બાળ ઊર્જા રક્ષક દળ ૨૦૧૬-૧૭ કાર્યક્રમ લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ભાવનગર શહેરમાં અગામી દિવસોમાં કરવામાં આવી રહયો છે. જેનો મુખ્ય હેતુ આજની નવી પેઢી વિદ્યાર્થીકાળ દરમ્યાન જ ઊર્જા અને ઊર્જાના સ્રોતોને સમજી તેનો વિવેકપૂર્વક ઉપયોગ કરતાની સાથે ભવિષ્યમાં આવનારા ઊર્જા કટોકટીના સમયનો સામનો કરવા માટે પુનઃ પ્રાપ્ય ઊર્જાના વિવિધ સ્રોતોનો ઉપયોગ કરતા થાય.

બાળ ઊર્જા રક્ષક દળ ૨૦૧૬-૧૭ કાર્યક્રમ અંતર્ગત લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા શહેર તથા તાલુકાની વિવિધ પ્રાથમિક શાળાઓના ધોરણ ૫ થી ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થી માટે તા. ૧૦મી ડીસેમ્બર, ૨૦૧૬ શનીવારના રોજ બપોરના ૧:૦૦ કલાકથી સાંજના ૪ કલાક દરમ્યાન મોતી બાગ ટાઉન હોલ, ભાવનગર ખાતે ઊર્જા બચત વિષય પર ચિત્ર સ્પર્ધાનું આયોજન થનાર છે.

ઉપરાંત ઊર્જા બચતના સંદેશાને લોકો સુધી ગુંજતો કરવા અને ઊર્જા બચત માટે પ્રેરિત કરવાના આશયથી ઊર્જા સંરક્ષણ દિને તા.૧૪મી ડીસેમ્બર, ૨૦૧૬ બુધવારના દિવસે શ્રી વિશુદ્ધાનંદ વિદ્યા મંદિર ખાતેથી સવારે ૭:૩૦ કલાક થી ૧૧:૦૦ દરમ્યાન ભાવનગર મધ્યે આવેલા વિદ્યાનગર વિસ્તારમાં પસાર થઇ પરત ફરશે.

બાળ ઊર્જા રક્ષક દળ ૨૦૧૬-૧૭ કાર્યક્રમમાં ભાવનગર શહેર તથા તાલુકાની ૭૦થી વધારે પ્રાથમિક શાળાઓના ૨૫૦૦થી વધારે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને નગરજનો જોડાશે. જે બાબતો કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના ચેરમેન ડૉ. ભાવેશભાઈ ભરાડની યાદીમાં જણાવેલ છે. આ સાથે નોંધણી કરાવેલ શાળાઓને ઉપરોક્ત બંને કાર્યક્રમોમાં ફરજીયાત હાજર રહેવા અનુરોધ કર્યો છે.

Joshi 3/12/16

(હર્ષદ જોષી)

ઓફીસ ઇન્ચાર્જ,

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,

ભાવનગર.